અપીલ અરજી નં.૧૯૬ તા.૧૪–૭ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રામચંદ્ર ટોપનદાસ જેસ્વાની અને શ્રી બિપીનચંદ્ર ઈશ્વરલાલ ગોનાવાલા
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)
ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રામચંદ્ર ટોપનદાસ જેસ્વાની અને શ્રી બિપીનચંદ્ર ઈશ્વરલાલ ગોનાવાલા ની અરજીમાં તા. ૧૭–૫–૧૦ જણાવેલ પરંતુ અરજી ફી તા.૧૭–૫–૧૧ ના રોજ ભરપાઈ કરેલ અરજીથી શ્રી ગોકુલનગર કો.ઓ.હા.સોસા.મોજે મજૂરાના સર્વે નં. ૪૭/૨ ,ટીપી સ્કીમ નં.૬ ફાયનલ પ્લોટ નં. ૧૧૦થી નોંધાયેલ જમીન પર આવેલ આવાસની નીચે મુજબની વિગતો આપવી.મુદ્દા નં.(૧) મુળ પ્લાન કયારે મંજુર કરેલો છે મંજુર પ્લાન મુજબ કેટલા પ્લોટો પાડવાના છે કેટલી સી.ઓ.પી.ની જગ્યા અને માર્જીનની જગ્યા રાખવાની છે. (૨) હાલના વર્તમાન સમયમાં કુલ કેટલા પ્લોટો આવેલા છે અને કેટલી સીઓપીની અને માર્જીનની જગ્યા ખુલ્લી છે. તેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૪–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૯૬/૨૦૧૧–૧૨

શ્રી રામચંદ્ર ટોપનદાસ જેસ્વાની અને શ્રી બિપીનચંદ્ર ઈશ્વરલાલ ગોનાવાલાની અરજીમાં તા. ૧૭–૫–૧૦ જણાવેલ પરંતુ અરજી ફી તા.૧૭–૫–૧૧ ના રોજ ભરપાઈ કરેલ અરજીથી શ્રી ગોકુલનગર કો.ઓ.હા.સોસા.મોજે મજૂરાના સર્વે નં. ૪૭/૨,ટીપી સ્કીમ નં.૬ ફાયનલ પ્લોટ નં. ૧૧૦થી નોંધાયેલ જમીન પર આવેલ આવાસની નીચે મુજબની વિગતો આપવી.મુદ્દા નં.(૧) મુળ પ્લાન કયારે મંજુર કરેલો છે મંજુર પ્લાન મુજબ કેટલા પ્લોટો પાડવાના છે કેટલી સી.ઓ.પી.ની જગ્યા અને માર્જીનની જગ્યા રાખવાની છે. (૨) હાલના વર્તમાન સમયમાં કુલ કેટલા પ્લોટો આવેલા છે અને કેટલી સીઓપીની અને માર્જીનની જગ્યા ખુલ્લી છે. તેની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) ના પત્ર નં. સા.ઝોન.(અઠવા) / આરટીઆઈ / આ. ૨૬૩ તા. ૧૬/૬/૧૧ થી સંતોષકારક માહિતી મળી ન હોવાનું જણાવી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૪– ૭ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. નાગરીક સુવિધાકેન્દ્ર સેન્ટ્રલઝોન ખાતેથી તા.૧૪–૭–૧૧ ના રોજ રવાનગી કર્યાની ફોટો સ્ટેટ નકલ અત્રે તા.૧–૮–૧૧ ના રોજ મળેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા વધુમાં રેકર્ડ ઉપલબ્ધ નહીં હોવા અંગે તેના નાશ કે નિકાલની મંજૂરી સહિતની વિગતો તથા માળખાગત, મુળભુત સુવિધા પૂરી પાડવાના દફતરે આનુષાંગિક વિગતો ઉપલબ્ધ છે કે કેમ? તે પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૮૨ તા.૨–૮–૧૧ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૫૯૦ તા.૧૮–૮–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ , ફી ભર્યાની વિગત, અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૭૨ તા.૨૧–૫–૧૧ થી ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કરેલ પત્રની નકલ, નગર નિયોજક અને શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીડીઓ/૮૭ તા.૬–૬–૧૧ થી કાર્યપાલક ઈજનેર અઠવાઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/ અઠવા/ આરટીઆઈ/ ૨૬૩ તા.૧૬–૬–૧૧ થી અરજદારને આપેલી માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૭–૫–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સમય અવધિમાં પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૨૬૩ તા.૧૬–૬–૧૧ થી આરટીઆઈ હેઠળ માંગવામાં આવેલી માહિતી અન્વયે અરજીમાં દર્શાવેલ માંગ્યા મુજબની માહિતી અઠવાઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ. જે બાબતે અરજદારે કોઈ પણ જાતની સંતોષકારક માહિતી મળી નથી અને વિષય અન્વયે માંગેલી માહિતી ન મળવા માટે શું પગલા ભરવાની રજૂઆત કરેલ છે તથા સરકારી રેકર્ડ સરકારી ખાતામાં ઉપલબ્ધ ન હોય તો ગયા કયાં? તેવું જણાવી અરજદારે નારાજ થઈ તા.૧૪–૭–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે અત્રેથી જાહેર માહિતી

અધિકારીને અપીલ તબકકે વધુમાં રેકર્ડ ઉપલબ્ધ નહીં હોવા અંગે કે તેના નાશ કે નિકાલની મંજુરી સહિતની વિગતો તથા માળખાગત મુળભુત સુવિધાઓ પૂરી પાડવા દફતરે આનુષાંગિક વિગતો જણાવવા અંગે પત્ર પાઠવવામાં આવેલ. પરંતુ તે અંગે કોઈ વિગતો અત્રે મળેલ નથી. અરજદારે તેમની મુળ અરજીમાં " આવેલ આવાસ" શબ્દ પ્રયોગ કરેલ છે તે ધ્યાને લેતાં જો આવાસ હયાત હોય તો મનપા તરફથી અપાતી માળખાગત સુવિધાનો ઉપયોગ થતો હોવાનું કે આકારણી દફતરે હોવાનું માનવાને કારણ રહે. પ્લાન મંજુરી મુકેલ હોવાની કે નહીં મુકેલ હોવાની વિગત પણ દફતર પરથી ચકાસી આપી શકાય.

## હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૫–૧૧ ની અરજીથી માંગેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરો પાડેલ પ્રત્યુત્તર "રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી " તે સંદિગ્ધ પ્રકારનો હોઈ બાબત હેઠળની મિલ્કત સબંધમાં આનુષાંગિક દફતર ચકાસી માંગેલ માહિતી અંગે દફતરી હકીકત જણાવવા કે દફતર ઉપલબ્ધ નહીં હોવાના કારણ અંગે દફતરના નાશ કે નિકાલ કર્યાની હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે.

અરજદારની તા. ૧૪–૭–૧૧ ની નાગરિક સુવધા કેન્દ્ર સેન્ટ્રલઝોન ખાતેથી રવાનગી થયેલ અપીલની ફોટો સ્ટેટ નકલ અત્રે ૧–૮–૧૧ ના રોજ મળેલ હોવાની વિગત ધ્યાને લેતાં મુળ અપીલ મેળવવા આગ્રહ રાખી કલમ–૬(૩) હેઠળ દિન–૫ ની અવધિમાં સીધી આરટીઆઈ સેલના જાહેર માહિતી અધિકારી કક્ષાએ તબદીલ કરવા કાળજી લેવા પણ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ....જાણ તથા અમલ માટે.

(૨) શ્રી રામચંદૃ ટોપનદાસ જેસ્વાની અને શ્રી બિપીનચંદૃ ઈશ્વરલાલ ગોનાવાલા